માણેજા વિસ્તાર સાથે અન્યાય થયાનો સ્થાનિક રહીશોનો આક્ષેપ

# કરોડોનો ટેક્સ આપતા વોર્ડ ૧૯માં તૂટેલા પેવર બ્લોક નાખતા કામગીરી અટકાવાઈ

જૂના બ્લોકનું કામ તાત્કાલિક નહીં અટકાવાય તો મેયર અને કમિશનરને ઉગ્ર રજૂઆત કરવાની સ્થાનિકોની ચીમકી





(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા મહાનગર પાલિકાના અધિકારીઓ અને લો કપ્રતિનિધિઓની કામગીરી સામે અવારનવાર સવાલો ઊભા થતા હોય છે, ત્યારે શહેરના માણેજા વિસ્તારમાં આવેલી વલ્લભનગરમાં પેવર બ્લોકની ચાલી રહેલી કામગીરીને લઈને સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો છે. માણેજા વિસ્તારમાં નવા પેવર બ્લોકના બદલે અન્ય સ્થળેથી કાઢેલા જૂના અને તૂટેલા બ્લોક નાખવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોએ કામગીરીનો સખત વિરોધ કર્યો છે. સ્થાનિક રહીશ ગોવિંદભાઈ રાઠવાએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, માણેજા ગામ સાથે વડોદરા કોર્પોરેશન દ્વારા સતત અન્યાય કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રી દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે, છતાંય કોર્પોરેશન અને લોકપ્રતિનિધિઓ દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવતી નથી. વડોદરા શહેરનો તમામ કચરો અને નકામી સામગ્રી માણેજા વિસ્તારમાં નાખીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. વધુમાં રહીશોએ આક્ષેપ કર્યો હતો કે, માણેજા અને વોર્ડ નંબર ૧૮ તથા ૧૯ વિસ્તાર વડોદરા શહેરમાં સૌથી વધુ ટેક્સ ચૂકવતા વિસ્તારોમાંથી એક છે. અહીં અનેક મલ્ટીનેશનલ કંપનીઓ અને જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે, જે કરોડો રૂપિયાનો ટેક્સ આપે છે. જો આ ટેક્સની રકમનો યોગ્ય ઉપયોગ માણેજા ગામના વિકાસ માટે કરવામાં આવે, તો આખું ગામ રઢિયાળું અને સોના જેવું બની શકે તેમ છે. છતાં સ્થાનિક રહીશોને મૂળભૂત સુવિધાઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે. આ સિવાય વિસ્તારની અન્ય પડતર સમસ્યાઓ અંગે પણ વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. રહીશોના જણાવ્યા મુજબ, માં ગાયત્રી સ્કૂલ માટે ૧ કરોડ ૩૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ અઢી વર્ષથી મંજૂર થયેલી હોવા છતાં તેનું કામ શરૂ કરવામાં આવ્યું નથી, જેના કારણે નાના ભૂલકાંઓને ટ્યુશન અને સ્કૂલ જવામાં કલાકોનો સમય બગડે છે અને તેમનું શિક્ષણ પ્રભાવિત થઈ રહ્યું છે. સ્થાનિકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, માણેજા ગામમાં જૂના પેવર બ્લોક નાખવાની કામગીરી ચલાવી લેવામાં આવશે નહીં. હવે જોવાનું એ રહેશે કે કોર્પોરેશનનું તંત્ર આ વિસ્તારના ના ગ રિકોની વ્યાજબી રજૂઆત સાંભળીને યોગ્ય પગલાં ભરે છે કે પછી અણદેખી ચાલુ રાખે છે.

6 સામે ફરિયાદ નોધાતા ખળભળાટ મચી ગયો

# બનાવટી બિલો રજૂ કરી યુનિયન બેંકમાથી રૂ.૧.૪૫ કરોડ લોનનું કૌભાંડ

બાજવા બ્રાન્ચમાંથી છ વેપારીઓએ લોન મેળવી નાણા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી

**આરોપીઓના નામ સરનામા**

**(1) પ્રીતી સમીર ખત્રી** : સાઈ વિહાર સોસાયટી વાઘોડીયા રોડ વડોદરા,
**(2) પીનાકીન શાંતીલાલ પટેલ** : જય સત્યનારાયણ સોસાયટી રીફાઈનરી રોડ ગોરવા વડોદરા,
**(3) ભારતી શાંતીલાલ પટેલ** : સત્યનારાયણ સોસાયટી રીફાઈનરી રોડ ગોરવા વડોદરા,
**(4) નીકીતા પીનાકીન પટેલ** : રાજભવન રેસીડેંસી બાપોદ પોલીસ સ્ટેશન પાસે વાઘોડીયા રોડ વડોદરા
**(5) નેહા મિત ગજ્જર** : ઘનશ્યામ પાર્ક સોસાયટી રીફાઇનરી રોડ ગોરવા વડોદરા
**(6) મીનાબેન રજનીકાંત ખત્રી** : યોગીરાજ ફ્લેટ નુતન ભારત અલ્કાપુરી રોડ વડોદરા

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

યુનિયન બેંકના વડોદરા રિજનલ હેડ આશિષ વેદ પ્રકાશ સુવાલકાએ પોલીસ સમક્ષ નોધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2020થી તા.29 જુલાઈ 2025 દરમિયાન બાજવા બ્રાન્ચમાંથી છ આરોપીઓએ વિવિધ પ્રકારની લોન મેળવી હતી. તપાસ દરમિયાન ધંધાના સ્થળે જરૂરી સ્ટોક, મશીનરી અને સાધનો ન હોવાનું તેમજ બેંકને રજૂ કરાયેલા દસ્તાવેજો અને બિલોમાં ગેરરીતિ હોવાનું સામે આવ્યું હતું.

આરોપી પ્રીતિ સમીર ખત્રીની પ્રીતિ ટ્રેડર્સને રૂ.39.80 લાખની CC લોન અપાઈ હતી, જેમાં રૂ.11.79 લાખની રકમ બાકી હોવાનું જણાવાયું છે. ગુરુકૃપા ટ્રેડર્સના પીનાકીન શાંતીલાલ પટેલે રૂ.24.70 લાખની CC લોન મેળવી રૂ.29.30 લાખની બાકીદારી કરી હોવાનો આક્ષેપ છે. પટેલ એન્ડ કંપનીની ભારતી શાંતીલાલ પટેલે રૂ.42.30 લાખની ટર્મ લોનમાંથી રૂ.34.98 લાખ ભરવાના બાકી છે. મારૂતી ટ્રેડર્સની નિકીતા પીનાકીન પટેલે રૂ.23.75 લાખની CC અને ટર્મ લોન મેળવી હતી, જેમાં વ્યાજ સહિત રૂ.24.02 લાખ બાકી છે. સીયારામ ટ્રેડર્સની નેહા મિત ગજ્જરે રૂ.12.30 લાખની ટર્મ લોનમાંથી રૂ.5.05 લાખ બાકી રાખ્યાનો આક્ષેપ છે. જ્યારે ધ અમી વીડિયોની મીનાબેન રજનીકાંત ખત્રીએ રૂ.42.75 લાખની ટર્મ લોન મેળવી રૂ.39.95 લાખ ભર્યા નથી. આરોપીઓએ કથિત રીતે સ્ટોક સ્ટેટમેન્ટ, ફેબ્રિકેશન, બેંક સ્ટેટમેન્ટ તથા પર્ફોમા ઈન્વોઈસ સહિતના દસ્તાવેજોનો ઉપયોગ કરી લોન મેળવી હતી. બાદમાં લોનની રકમ વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર કરી બેંકને રૂ.1.45 કરોડનુ આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાનો આક્ષેપ છે. જવાહર નગર પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટરોને રેવડી

# ઈજારાની સમય મર્યાદા વધારવાની ભલામણથી વિવાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા મહાનગર પાલિકાના બિલ્ડિંગ પ્રોજેક્ટ શાખા હેઠળ ચાલતા વાર્ષિક સિવિલ કામગીરીના ઈજારાઓને લઈને ભારે વિવાદ ઊભો થયો છે. પાલિકા સંચાલિત આંગણવાડી, સરકારી શાળાઓ, અતિથિગૃહ તેમજ સેનેટરી ઓફિસ સહિતની સરકારી મિલકતોના નિભાવણી, સમારકામ અને નવીનીકરણ માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવામાં આવતા હોય છે. જોકે, હાલના કોન્ટ્રાક્ટરોને આર્થિક ફાયદો પહોંચાડવાના હેતુથી ટેન્ડરની સમય મર્યાદા અને નાણાકીય મર્યાદા વધારવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવતાં જ મોટો ગણગણાટ શરૂ થઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, પૂર્વ અને દક્ષિણ ઝોનમાં મિલકતોના નિભાવણી-સમારકામ માટે આપ વામાં આવેલા વાર્ષિક કોન્ટ્રાક્ટની સમયમર્યાદા આગામી ૨૨ સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે. પૂર્વ ઝોનમાં રૂ. ૮ કરોડની નાણાકીય મર્યાદામાં અંદાજિત ભાવ કરતાં ૧૫.૫૦ ટકા ઓછા દરે 'જય એન્ટરપ્રાઈઝ' નામના કોન્ટ્રાક્ટરને વર્ષ ૨૦૨૫માં કામ સોંપાયું હતું.

આ કોન્ટ્રાક્ટ પૂરો થવા આવ્યો હોવા છતાં નવો ઈજારો મંજૂર થાય ત્યાં સુધી હાલના કોન્ટ્રાક્ટરની સમયમર્યાદા લંબાવી આપવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. એ જ રીતે, દક્ષિણ ઝોનમાં પણ રૂ. ૮ કરોડની મર્યાદામાં ૧૫.૫૦ ટકા ઓછા દરે 'રેમીન્સ ગ્રુપ'ને કામગીરી આપવામાં આવી હતી, જેની મુદત પણ ૨૨ સપ્ટેમ્બરે પૂરી થાય છે.

ભાડે મકાન રાખ્યાને એક મહિનામાં જ રાજસ્થાનના પરિવારના ઘરમાં ચોરી

# ભાયલીના મકાનમાં લોક ખોલી રૂ.૧.૮૧ લાખની મતા ચોરી ચોરો પલાયન

ચોરીની આ ઘટના પાછળ જાણભેદુ હોવાની આશંકા

(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરાના ભાયલી વિસ્તારમાં સ્વર્ણીમ સ્કાય સોસાયટીમાં માત્ર એક મહિના પહેલા જ ભાડે મકાન રાખીને રહેવા આવેલા રાજસ્થાનના પરિવારના ઘરને તસ્કરે નિશાન બનાવ્યું હતું. પરિવાર બહાર ગયો ત્યારે તસ્કરે દરવાજાનું લોક તોડ્યા વગર ચાવી વડે મકાન ખોલી સોનાના દાગીના અને ચાંદીના ઘરેણાં સહિત રૂ.1.81 લાખની મત્તાની ચોરી કરી હતી. તાળું તૂટ્યું ન હોવાથી ચોરને ઘરની અવરજવર અને પરિવારના બહાર જવાના સમયની જાણકારી હોવાની શક્યતા સાથે પોલીસ દ્વારા આ ચોરીમાં જાણભેદુ વ્યક્તિની સંડોવણીની આશંકા રાખી તપાસ હાથ ધરવામાં આવી છે. ભાયલી કેનાલ રોડ પર ઝાયડસ એપી આઈ પાર્કની બાજુમાં આવેલી સ્વર્ણીમ સ્કાય સોસાયટીના સી-403 મકાનમાં રાજસ્થાનનો પરિવાર ભાડે રહે છે. પરિવાર એક મહિના પહેલા જ આ મકાનમાં રહેવા આવ્યો હતો, ત્યારે જ ટૂંકા ગાળામાં ઘરમાં ચોરી થતાં ચકચાર મચી છે. 10 ઓગસ્ટના રોજ સવારે પરિવારના પતિ નોકરી પર ગયા હતા અને ચાર વર્ષનો પુત્ર સ્કૂલ વેનમાં સ્કૂલે ગયો હતો. ત્યારબાદ મહિલાએ મંદિર જઈ પરત આવી ઘરકામ કર્યું હતું. બપોરના સમયે તેઓ મકાનને તાળું મારી શાકભાજી તથા પુત્ર માટે સ્ટેશનરી લેવા બહાર ગયા હતા. પુત્રની સ્કૂલ વેન આવવાની હોવાથી મહિલા સોસાયટીમાં નીચે ઊભા રહ્યા હતા અને આશરે એક વાગ્યે પુત્રને લઈને ઘરે પરત ફર્યા હતા. મકાનનું તાળું ખોલીને અંદર પ્રવેશતા રૂમના કબાટ અને બેડનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. ત્યારબાદ ઘરમાં રાખેલા કીમતી સામાનની તપાસ કરતાં સોનાની બે ચેન, બે જોડી કાનની બુટ્ટી, મોટી-નાની નથણી, ચાંદીના પાંચ સિક્કા, ત્રણ જોડી ચાંદીની પાયલ, ચાંદીની વીંટીઓ, પુત્રના ચાંદીના કડા, ચાંદીની પરત ચડાવેલો લાકડાનો દાંડીયો સહિત રૂ.1.81 લાખની મત્તા ગાયબ હોવાનું જણાયું હતું. ચોરીની ઘટનામાં સૌથી મહત્વની બાબત એ છે કે મકાનના દરવાજાનું તાળું કે લોક તૂટેલું નહોતું. જેથી તસ્કરે ચાવી વડે લોક ખોલીને ઘરમાં પ્રવેશ કર્યો હોવાની શંકા છે. પરિવારને ક્યારે અને કેટલા સમય માટે બહાર જવાનું છે તેની જાણકારી ધરાવતી વ્યક્તિએ જ ચોરી કરી હોવાની શક્યતા પણ તપાસવામાં આવી રહી છે.

# વાદળછાયું વાતાવરણ યથાવત,શહેરીજનોને ઉકળાટનો અનુભવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે 5 મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ મુજબ બુધવારે મહત્તમ તાપમાન 33.0 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26.4 ડિગ્રી નોંધાયું હતું, જે બંને સામાન્ય કરતા 1.0 ડિગ્રી વધુ છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ 83 ટકા અને સાંજે 59 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ સુધી વડોદરામાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેશે અને હળવા વરસાદની શક્યતા રહેશે. આ સમયગાળા દરમિયાન કોઈ વોર્નિંગ આપવામાં આવી નથી. 27થી 29 ઓગસ્ટ મહત્તમ તાપમાન 34થી 35 ડિગ્રી અને લઘુત્તમ 25થી 26 ડિગ્રીની આસપાસ રહેશે. 30 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર તાપમાનમાં થોડો ઘટાડો થશે, મહત્તમ તાપમાન 32થી 33 ડિગ્રી રહેવાની શક્યતા છે.

નજર હટી દુર્ઘટના ઘટી જેવો બનાવ

# મોપેડ ચાલક પાલિકાની ગાડીમાં પાછળથી ઘૂસી જતા અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરમાં અકસ્માતોની ભરમાર જોવા મળી રહી છે. તેવામાં આજે વધુ એક અકસ્માતની ઘટના બની હતી જેમાં એક મોપેડ ચાલક જેનું ધ્યાન નહીં રહેતા રોડ ઉપર કામગીરી કરી રહેલા પાલિકાના વાહનની પાછળ ધડાકા ભેર ઘૂસી ગયો હતો. વડોદરા શહેરમાં અકસ્માતો નો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે દરરોજ નાના મોટા અકસ્માતોની ઘટના સામે આવી રહી છે. તેવામાં આજે એરપોર્ટ રોડ ઉપર એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર વડોદરા મહાનગર પાલિકાની ટીમ એરપોર્ટની સામે રોડ ડિવાઈડર વચ્ચે લગાવાયેલા વૃક્ષો જે વધારે પડતા બહાર આવી ગયા હોય તેના ટ્રીમિંગની અને નડતર રૂપ હોય તેવા ઝાડની ડાળીઓને




હટાવવાની કામગીરી કરી રહી હતી. આ દરમિયાન પાછળથી એક મોપેડ સવાર પૂર ઝડપે આવી રહ્યો હતો અને તેનું ધ્યાન હટતા તે અચાનક પાલિકાની ગાડીના પાછળના ભાગે ઘૂસી ગયો હતો. સદનસીબે મોપેડ ચાલકને કોઈ ઈજા પહોંચી ન હતી. જ્યારે તેની ગાડીને નુકસાન થયું હતું.

આઉટલૂક-આઈકેર રેન્કિંગ 2026માં મેળવ્યા 905.13 ગુણ

# એમ.એસ.યુનિ.ની સોશિયલ વર્ક ફેકલ્ટી દેશમાં પાંચમા ક્રમે

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયની સોશિયલ વર્ક ફેકલ્ટી માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવી છે. દેશની પ્રતિષ્ઠિત આઉટલૂક-આઈકેર રેન્કિંગ 2026 ઈન્ડિયાઝ બેસ્ટ કોલેજીસમાં ફેકલ્ટીએ સમગ્ર દેશમાં ટોચની સોશિયલ વર્ક સંસ્થાઓમાં 5મો ક્રમ પ્રાપ્ત કરી વડોદરાનું ગૌરવ વધાર્યું છે. આ રેન્કિંગની યાદી 3 ઓગસ્ટ 2026ના રોજ પ્રસિદ્ધ થયેલા આઉટલૂક મેગેઝિનના અંકમાં જાહેર કરવામાં આવી છે. આ રેન્કિંગમાં ફેકલ્ટીને 1000 માંથી કુલ 905.13 ગુણ મળ્યા છે. આ સિદ્ધિ એ દર્શાવે છે કે ફેકલ્ટી માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ સોશિયલ



150 માંથી 137.5, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફેસિલિટીઝમાં 150 માંથી 141.1, ગવર્નન્સ અને એડમિશનમાં 200 માંથી 144.67 અને ડાયવર્સિટી અને આઉટરીચમાં 300 માંથી 289.7 ગુણ મેળવી ફેકલ્ટીએ પોતાની સર્વાંગી શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ યાદીમાં પ્રથમ સ્થાને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીસ, મુંબઈ (914.69 ગુણ), બીજા સ્થાને રાજગીરી કોલેજ ઓફ સોશિયલ સાયન્સીસ, કોચી (911.7 ગુણ), ત્રીજા સ્થાને ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ વર્ક, દિલ્હી યુનિવર્સિટી (908.85 ગુણ) અને ચોથા સ્થાને ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરુ (907.21 ગુણ) છે, ત્યારબાદ પાંચમા ક્રમે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાએ સ્થાન મેળવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 1949માં સ્થાપિત અને નેક દ્વારા A+ ગ્રેડ પ્રાપ્ત એમ.એસ.યુનિવર્સિટીની આ ફેકલ્ટી વર્ષોથી સમાજકાર્યના ક્ષેત્રે ગુણવત્તાયુક્ત શિક્ષણ, સંશોધન અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ થકી આગવી ઓળખ ધરાવે છે. આ રેન્કિંગ તેના સતત પ્રયાસો અને ઉત્કૃષ્ટતાનું પ્રતિબિંબ છે.

# રક્ષાબંધન પર્વે વડોદરા મધ્યસ્થ જેલમાં માનવતાનું બંધન

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સ દ્વારા ભાવસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ શાળાઓના સ્કાઉટ માસ્ટર અને ગાઇડ કેપ્ટન દ્વારા કેદી ભાઈઓને રાખડી બાંધી ભાઈચારા, સ્નેહ અને માનવતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન નવયુગ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના સંયુક્ત નિયામક તથા વડોદરા ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સના સચિવ શ્રી વરુણ દેસાઈના સકારાત્મક અને સંવેદનશીલ પ્રયાસોથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નવયુગ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ, બ્રાઈટ સ્કૂલ, ડોન બોસ્કો, ઓક્સિલિયમ કોન્વેન્ટ, બિલાબોંગ, ઝેનિથ, ડી.પી. એસ. સહિત વિવિધ શાળાઓના



સ્કાઉટ્સ અને ગાઇડ્સના માસ્ટર તથા કેપ્ટનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેદી ભાઈઓને રાખડી બાંધી તેમને જીવનમાં સુધારણા, સકારાત્મક વિચારસરણી અને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃ જોડાવાની પ્રેરણા આપવામાં આવી હતી.

## ઈદ તહેવારને લઈને સયાજીગંજ પોલીસનું સઘન પેટ્રોલિંગ



■ વડોદરાના ફતેગંજ અને કમાટીપુરા વિસ્તારમાં ઈદ તહેવારના અનુસંધાને સયાજીગંજ પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તહેવાર દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસની વિવિધ ટીમો દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ભીડવાળા વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી લોકોની સુરક્ષા માટે ચાંપતી નજર રાખવામાં આવી હતી. ઈદ પર્વ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસ દ્વારા તકેદારીના તમામ પગલાં લેવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ સ્થાનિક લોકો સાથે સંકલન કરી શાંતિ જાળવવા અપીલ કરી હતી. સમગ્ર વિસ્તારમાં પોલીસની હાજરીથી સુરક્ષાનો માહોલ જોવા મળ્યો હતો.

કરોડોના ખર્ચે મુકેલી LED સ્ક્રીન પાલિકા માટે સફેદ હાથી સાબિત થઈ : પહેલા સ્માર્ટસીટી હેઠળ બિલ ભરાતુ હતુ

# આવક થઈ નહીં ને પાલિકાનું વીજબિલ ભરણું વધ્યું

**૬૯ એલઇડી** સ્ક્રીનનું વીજબિલ ભરવામાં પ્રજાના ટેક્સના નાણાંનો ધુમાડો; હાલમાં રૂ.5 લાખનુ બિલ આવ્યુ છે જે આવક કરતા વધારે છે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 26

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર શહેરમાં કરોડોના ખર્ચે ઊભી કરાયેલી એલઈડી (LED) ડિસ્પ્લે સ્ક્રીન હાલ પાલિકા માટે આર્થિક બોજ સમાન સાબિત થઈ રહી છે. શહેરમાં કમાણી વધારવાના આશયથી મૂકવામાં આવેલી આ ડિસ્પ્લેથી ધાર્યા મુજબની આવક તો ઊભી થઈ શકી નથી, પરંતુ તેના નિભાવ



અને વીજબિલ પાછળ દર મહિને લાખો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે. જેના કારણે મહાનગરપાલિકામાં 'આમદાની અઠન્ની અને ખર્ચા રૂપૈયા' જેવી સ્થિતિ નિર્માણ પામી છે. સ્માર્ટ સિટી મિશન હેઠળ વડોદરા શહેરના વિવિધ રાજમાર્ગો અને મુખ્ય ચોકડીઓ પર કુલ ૬૯ જેટલી એલઈડી સ્ક્રીન્સ સ્થાપિત કરવામાં આવી છે, જેમાં ૩૩ મોટી અને ૩૬ નાની એલઈડી સ્ક્રીનનો સમાવેશ થાય છે. આ ડિસ્પ્લે સ્ક્રીન પાછળનો મુખ્ય હેતુ કોમર્શિયલ જાહેરાતો દર્શાવીને પાલિકાની તિજોરીમાં કાયમી આવક ઊભી કરવાનો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે જાહેરાતો થકી થતી આવક તો શૂન્ય સમાન રહી છે, જ્યારે આ ૬૯ એલઈડી સ્ક્રીન્સ ચાલુ રાખવા બદલ કોર્પોરેશનને દર મહિને આશરે ૫ લાખ જેટલું મસમોટું વીજબિલ ચૂકવવાનો વારો આવ્યો છે. ગત એક વર્ષ દરમિયાન ગુજરાત હાઈકોર્ટમાં ટેન્ડર પ્રક્રિયા અંગે સ્ટે ઓર્ડર હોવાના કારણે નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી શકાઈ નહોતી. હવે જ્યારે નામદાર હાઈકોર્ટમાંથી આ કેસનો નિકાલ આવ્યો છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા નવેસરથી ટેન્ડર બહાર પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર અગાઉના વર્ષે ૨ કરોડ ૬૧ લાખ જેટલી મિનિમમ સેટ વેલ્યુ નક્કી કરવામાં આવી હતી. જો આ વખતે ટેન્ડર પ્રક્રિયા સફળ રહેશે તો પાલિકાને આશરે ૨ કરોડ ૬૧ લાખ જેટલી વાર્ષિક આવક થવાની આશા છે. બીજી તરફ, જૂનો ખર્ચ અને વીજબિલનું ભારણ હજુ પૂરું થયું નથી ત્યાં પાલિકા તંત્ર આગામી દિવસોમાં શહેરમાં વધુ ૩૦ ઉપરાંત નવી એલઈડી સ્ક્રીન્સ મૂકવા જઈ રહ્યું છે. એક તરફ હયાત પ્રોજેક્ટમાંથી પાલિકાને કોઈ નોંધપાત્ર આવક મળી રહી નથી અને પ્રજાના ટેક્સના નાણાં વીજબિલ ભરવામાં વેડફાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ વધુ એલઈડી ગોઠવવાની હિલચાલ સામે મહાનગરપાલિકાના વિપક્ષી સભ્યો દ્વારા વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. આ મુદ્દે સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવો આવી ગયો છે.

સંજયગીરી પાસેથી ગાંજો લાવ્યો હોવાની આરોપીએ કબૂલાત કરી

# ભાદરવા પોલીસે બાઈક પર જતા શખ્સને ગાંજાના જથ્થા સાથે ઝડપ્યો

**તહેવારો** ટાણે શહેરમાં કેફી દ્રવ્યોનુ સેવન અટકાવવા પોલીસ ખેડપગે

(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દરમિયાન ભાદરવા પોલીસને સાંકરદાથી ભાદરવા તરફ જતા રોડ પર ઉમેટા ચેકપોસ્ટ નજીક ગાંજાના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો હતો.

પોલીસે તેની પાસેથી ગાંજો, મોટરસાયકલ અને મોબાઈલ સહિત રૂ.1.21 લાખનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો છે.



ભાદરવા પોલીસ સ્ટેશનના PSI એ.સી. સરવૈયાની ટીમ દ્વારા તા.25 ઓગસ્ટની રાત્રે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન સાંકરદા તરફથી આવતી બાઈકને અટકાવી તપાસ કરતાં ચાલક ઈશ્વરભાઈ હરિભાઈ ઠાકોર (ઉં.વ.41, રહે. સાંકરદા, મૂળ પોરાણા, પાટણ) પાસેથી કપડાના ખિસ્સામાં છુપાવેલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનું વજન કરતાં 24 ગ્રામ હોવાનું અને તેની કિંમત રૂ.1,200 હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત રૂ.80 હજારની મોટરસાયકલ, રૂ.40 હજારનો ઓપ્પો મોબાઈલ તથા આધારકાર્ડની ઝેરોક્સ મળી રૂ.1.21 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપીએ આ ગાંજો સંજયગીરી નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. સંજયગીરીનું સંપૂર્ણ નામ-સરનામું જાણવા મળ્યું નથી અને તેને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે. ભાદરવા પોલીસે ઈશ્વરભાઈ ઠાકોર તથા સંજયગીરી સહિત તપાસમાં બહાર આવે તેવા આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.